દુલ્હા દુલ્હન કે લિયે

# 'નસીહત કે ફૂલ'

અઝ


જનાબ રિયાઝ અહમદ સાહબ (મુંબઈ)

અનુવાદક

જનાબ મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી

(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 *C/o.* ફય્ઝાને રઝા મંઝિલ,

મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**Web :** www.barkatekhwaja.net

**Email :** anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૬૩ આવૃત્તિ–૧ પ્રત : ૫૦૦૦

૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૯ ઓકટોબર–૨૦૦૮

ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !

મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## પ્રારંભિક વાત

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! પતિ તથા પત્નીનો સંબંધ કેટલો પાકીઝા તથા ખુશનુમા તથા ચૈન સુકૂનવાળો અને મહોબ્બતથી ભરપુર અતૂટ સંબંધ છે તેની અનુભૂતિ ત્યારે જ થઈ શકે જ્યારે કે આ સંબંધને રસમી તૌર પર નહીં, પણ ઈસ્લામના દર્શાવેલા આદેશો તથા નિયમો પ્રમાણે નિભાવવામાં આવે. પ્રસ્તુત કિતાબમાં સંક્ષિપ્તમાં પતિ પત્નીના દરજજા તથા તેમની ફરજો દર્શાવી છે તથા ખૂબ પ્યારા અંદાજમાં સમજાવ્યું છે કે જો પતિ તથા પત્નીએ જિંદગીને સુખ ચૈન તથા મહોબ્બતના વાતાવરણમાં ખુશ્નૂમા રીતે પસાર કરવી હોય તો અન્ય કોઈની વાતો પર ન ચાલતાં, કોઈની દખલગીરીને પોતાના અંગત જીવનમાં ન થવા દેતાં પતિ પત્ની આપસમાં પોતાના પ્રશ્નોને મહોબ્બતથી નમ્રતાથી સુલઝાવે, એકબીજાને સમજીને ચાલે તો પોતાના ઘરને સ્વર્ગસમુ બનાવી શકે છે.

પ્રસ્તુત કિતાબ એ અમારા માનવંત વડીલ જનાબ સિદ્દીકભાઈ બાબલા (મુંબઈ)એ મોકલેલ એક ઉર્દૂ કિતાબ **'નસીહત કે ફૂલ'** જેને **જનાબ રિયાઝ અહમદ સાહબ (મુંબઈ)**એ પોતાની નેક પુત્રી 'અન્જુમઆરા'ના નિકાહના મુબારક મોકા પર પ્રસિદ્ધ કરી હતી. સંક્ષિપ્તમાં સારી એવી નસીહતોનાં ફૂલોથી ભરેલ આ ગુલદસ્તાને ગુજરાતી પોશાકમાં અમારા માનવંતા વાંચકોની સેવામાં સાભાર રજૂ કરીએ છીએ. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌને ઈસ્લામી શરીઅત પર ચાલીને જીવનને ખુશ્નુમા બનાવવાની તૌફીક આપે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરાવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

# خطبۂ نکاح

إِنَّ الْحَمْدَ لِلّٰهِ نَسْتَعِيْنُهُ وَ نَسْتَغْفِرُهُ وَ نَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ أَنْفُسِنَا

مِنْ يَهْدِهِ اللّٰهُ فَلاَ مُضِلَّ لَهُ وَ مَنْ يُضْلِلْهُ فَلاَ هَادِيَ لَهُ. وَ أَشْهَدُ

أَنْ لاَ إِلٰهَ إِلاَّ اللّٰهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّداً عَبْدُهُ وَ رَسُوْلُهُ.

يَاأَيُّهَا الَّذِيْنَ أٰمَنُوْا اتَّقُوْا اللّٰهَ حَقَّ تُقَاتِهِ وَ لاَ تَمُوْتُنَّ إِلاَّ وَ أَنْتُمْ مُسْلِمُوْنَO

يَاأَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمُ الَّذِيْ خَلَقَكُمْ مِنْ نَفْسٍ وَاحِدَةٍ وَ خَلَقَ مِنْهَا

زَوْجَهَا وَ بَثَّ مِنْهُمَا رِجَالاً كَثِيْراً وَّ نِسَاءً وَاتَّقُوْا اللّٰهَ الَّذِيْ تَسَاأَلُوْنَ بِهِ

وَ الْأَرْحَامَ إِنَّ اللّٰهَ كَانَ عَلَيْكُمْ رَقِيْباًO

يَاأَيُّهَا الَّذِيْنَ أٰمَنُوْا اتَّقُوْا اللّٰهَ وَ قُوْلُوْا قَوْلاً سَدِيْداً يُصْلِحْ لَكُمْ أَعْمَالَكُمْ

وَ يَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ وَ مَنْ يُطِعِ اللّٰهَ وَ رَسُوْلَهُ فَقَدْ فَازَ فَوْزاً عَظِيْماًO

(مشكوة)

وَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ " وَ اللّٰهِ إِنِّي لَأَخْشَاكُمْ لِلّٰهِ

وَ أَتْقَاكُمْ لَهُ وَ لٰكِنِّي أَصُوْمُ وَ أُفْطِرُ وَ أُصَلِّي وَ أَرْقُدُ وَ أَتَزَوَّجُ النِّسَاءَ

فَمَنْ عَنْ سُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ .

(بخاري)



## ★ નિકાહના ખુત્બાનો તર્જુમો ★

''શુક્ર તથા તારીફ ખુદાના જ માટે છે, અને તેનાથી મદદ ચાહીએ છીએ અને તેનાથી અમારા ગુનાહોની માફી ચાહીએ છીએ. અને અમે અમારા નફ્સની શરારતો તથા બુરાઈઓના મુક઼ાબલામાં પોતે પોતાને અલ્લાહની પનાહમાં આપીએ છીએ. (હક઼ીક઼ત એ છે કે) જેને ખુદા સીધા માર્ગે ચલાવે (અને તે તેને સીધા માર્ગે ચલાવે છે જે ચાલવાનો ખરેખર ઈરાદો રાખતો હોય) તો તેને કોઈ ભટકાવી નથી શક્તું. અને જેને ખુદા ગુમરાહ કરે છે (અને તે તેને ગુમરાહ કરે છે જે ગુમરાહ થવા ચાહે છે) તો તેને કોઈ સીધા માર્ગે લાવી નથી શક્તું અને હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી. અને હું ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

હે ઈમાનવાળાઓ ! યોગ્ય રીતે અલ્લાહનો તક઼્વો (ડર) અપનાવો અને મરતા દમ સુધી ખુદાની વફાદારી તથા આજ્ઞાંકિતપણા પર ક઼ાયમ રહો.

હે લોકો ! તમારા રબના ગઝબથી ડરો ! જેણે તમને એક જાનથી પેદા કર્યા અને એ જાનથી એનું જોડું પેદા કર્યું. અને પછી બંનેના ઝરીયા ઘણા બધાં પુરૂષો તથા ઘણી સ્ત્રીઓ ફેલાવી. એ પાલનહાર અલ્લાહની નારાજગીથી બચતા રહેશો જેનો વાસ્તો આપીને તમે એકબીજાથી પોતાના હક્ક઼ો માંગો છો. અને રિશ્તેદારોના હક્ક઼ોની કાળજી તથા લેહાઝ રાખો, યક઼ીન જાણો ખુદા તમારી નિગરાની કરી રહ્યો છે.

હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો, અને સ્ટાન્ડર્ડ મજબૂત વાત જીભથી કાઢો. અલ્લાહ તમારા અમલોની સુધારણા ફર્માવશે અને ગુનાહો પર માફીનો પડદો નાખી આપશે. અને જે લોકો અલ્લાહ અને તેના રસૂલ ﷺની ફર્માંબરદારી તથા આજ્ઞાપાલન કરશે તેઓ મહાન કામયાબીથી સરફરાઝ થશે. *(મિશ્કાત શરીફ)*

અને નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ખુદાની ક઼સમ ! હું તમારા સૌમાં ખુદાથી અધિક ડરનાર, તમારા સૌમાં સૌથી વિશેષ તેની નારાજગીથી બચનારો છું. પરંતુ મારો હાલ એ છે કે હું ક્યારેક નફ્લ રોઝા રાખુ છું ક્યારેક રોઝા વિના રહુ છું. રાતોમાં નમાઝ પણ પઢું છું અને સૂવું પણ છું, અને સ્ત્રીઓ સાથે નિકાહ પણ કરું છું. તો જે મારી આ સુન્નતથી મુખ ફેરવે તેનો મારી સાથે કોઈ સંબંધ નથી.'' *(બુખારી શરીફ)*



સર્વ તારીફો અલ્લાહ પાકના માટે છે જેણે પોતાની હિકમતવાળી કિતાબમાં ઈર્શાદ ફર્માવ્યો :–

**وَمِنْ اٰيٰتِهٖۤ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْۤا اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ۔**

''અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જ જાતિમાંથી પત્નીઓ બનાવી જેથી કરીને તમે તેમની પાસે સુકૂન હાંસલ કરો, અને તમારા વચ્ચે મહોબ્બત અને કૃપા પેદા કરી આપી. યક઼ીનન ! એમાં ઘણી બધી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ચિંતન મનન કરે છે.'' *(સૂ. રૂમ–૨૧)*

અને આ ઈર્શાદ ફર્માવ્યો :–

**وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ**

''અને જે નેક અમલ કરશે ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી એ શરતે કે તે મો'મિન હોય, એવા સર્વ લોકો જન્નતમાં પ્રવેશ પામશે.'' *(સૂરએ મુઅ્મિન–૪૦)*

દુરૂદો સલામ થજો ઈન્સાનિયતના મોહસિને આ'ઝમ ﷺ પર જેઓ નબીએ બર હક્ક઼ છે અને અલ્લાહની તરફથી બર હક્ક઼ રહનુમાઈ કરનારા છે, જેમણે અરફાતના ખુત્બામાં ફર્માવ્યું :–

''હે લોકો ! તમારી સ્ત્રીઓને તમારી સરખામણીમાં કેટલાક હક્ક઼ો આપવામાં આવ્યા છે, અને તમને એમની સરખામણીમાં





હક્ક઼ો આપવામાં આવ્યા છે. તેમના પર આવશ્યક છે કે તેઓ તમારાં શયનકક્ષોમાં તમારા સિવાય કોઈને ન આવવા દે, અને કોઈ એવી વ્યક્તિને (ઘરમાં) તમારી ઈજાઝત વિના પ્રવેશવા ન દે જેનું પ્રવેશવું તમને પસંદ ન હોય અને કોઈ બેહયાઈમાં ન પડે. જો તે કોઈ એવી વાત કરે તો તમને અલ્લાહે ઈજાઝત આપી છે કે (તેમની સુધારણા માટે) તેણીઓને અલગ કરી શકો છો, સૂવાના રૂમથી અલગ કરી શકો છો અને એવી શારીરિક શિક્ષા આપી શકો છો જે નિશાન પાડનાર ન હોય (હલકી શિક્ષા). પછી જો તેણીઓ માની જાય અને તમારી આજ્ઞાંકિત રહે તો ક઼ાયદાનુસાર તેમનું ભરણપોષણ તમારા માથે છે. યક઼ીનન ! સ્ત્રીઓ તમારા હેઠળ છે જેઓ પોતાને માટે પોતાની જાતે કાંઈ નથી કરી શકતી. તમે તેમને અલ્લાહની અમાનતના રૂપે પોતાના સહવાસમાં લીધી છે અને એમના શરીરોને અલ્લાહના જ ક઼ાનૂન પ્રમાણે સ્પર્શ કરો છો, જેથી સ્ત્રીઓના મામલામાં અલ્લાહથી ડરો ! અને ભલા તરીક઼ાથી તેણીઓની દેખભાળ કરો. (મુહસિને ઈન્સાનિયત ﷺ)

હે અલ્લાહ ! દુરૂદો સલામ અને બરકતો નાઝિલ ફર્માવ એ નબી અમીન તથા કરીમ ﷺ પર જે સૌનો મહબૂબ છે એ રીતે જે રીતે કે તેં દુરૂદો સલામ અને બરકતો નાઝિલ ફર્માવી હઝરત ઈબ્રાહીમ عليه السلام પર. બેશક ! તું હમ્દ અને બુઝુર્ગીવાળો છે.

પ્યારા વાંચકો ! નિકાહ તથા વિવાહના હેતુ તથા મકસદમાં વિવિધ મંતવ્યોનું હોવું અનિવાર્ય છે. એના સંબંધે એક વ્યક્તિની પાસે જે ખયાલ હોય તે જ ખયાલ બીજી વ્યક્તિ પાસે પણ હોવું જરૂરી નથી. માનવોની આ આબાદીમાં વિવિધ દિમાગો તથા વિવિધ ખયાલોવાળા લોકો જોવા મળે છે. એટલા માટે કોઈ એક દષ્ટિબિંદુ પર સૌનું એકમત થઈ જવું અશક્ય છે. અમુક લોકોની દષ્ટિએ એનો સીમિત ખયાલ હશે તેઓ કેવળ શારીરિક ફાયદો

તથા જાતિય આનંદ પ્રાપ્ત કરવાને જ એનો હેતુ ખયાલ કરતા હશે, પણ ઈસ્લામનો ખયાલ એના બારામાં તદ્દન વિપરીત છે. દાંમ્પત્ય જીવનના બારામાં ઈસ્લામની જે ફોર્મ્યુલા છે તે ઘણી જ ઉચ્ચ છે. તે માનવીના જીવનની જરૂરિયાતોની સાથે ભૌતિક તથા રૂહાની ફાયદાઓ પણ સાંકળે છે. હુઝૂરે અકરમ ﷺએ દાંમ્પત્ય જીવનના મૂળ તથા પાયાના હેતુની સ્પષ્ટતા ફર્માવતાં ઈસ્લામમાં એવી જિંદગીને એક દષ્ટાંતરૂપ જીવન ઠરાવેલ છે.

હદીષ શરીફમાં આવ્યું છે; સ્ત્રી સાથે શાદી કેવળ ચાર હેતુઓ માટે કરવામાં આવે છે : તેના માલના લીધે, અથવા તેના વંશ તથા પેઢી અને ખાનદાની શાનો શૌકતના ખાતર, તેણીની સુંદરતાના કારણે અથવા તેના દીન તથા કિરદારના કારણે. અને જે માણસે કેવળ દીન તથા કિરદારને લક્ષમાં રાખ્યો તેના માટે તેમાં લાભ જ લાભ છે. કેમ કે દીન તથા કિરદારના આધારે નિશ્ચિત થનાર નિકાહ એક કામ્યાબ નિકાહ છે. નહીં તો એના ઉપરાંત અન્ય મક્સદોમાં માણસને મોટે ભાગે બુરાં પરિણામો તથા નુકસાનો સિવાય કાંઈ હાથ લાગતુ નથી. કેમ કે એ ત્રણેવ ચીજોમાં પડતી હોય છે અને દીન તથા કિરદારને કદી પડતી નથી. આ દષ્ટિથી તથા આ આધારથી ગફલત તથા નિષ્કાળજી કરવાથી મહેનત તથા મુસીબત તથા જીવનભરની કોશિશ તથા શોધખોજ પછી હાંસલ થનાર જીવનમાં માટી સિવાય કાંઈ હાંસલ નથી થતું. જો કે દીન તથા કિરદારના હેઠળ માલ, ખૂબસૂરતી, ઉચ્ચ વંશ તથા પેઢી હાંસલ થઈ જવામાં કાંઈ ખરાબી નથી. પણ દીન તથા કિરદાર વિના કેવળ અન્ય બાબતો કોઈ મજબૂત સંબંધની સલામતીના માટે હરગિઝ પાયો નથી બની શકતી. શાદી અને વિવાહનો સંબંધ અને તેની ઓળખ અલ્લાહ પાક કુર્આને કરીમમાં કરાવે છે :–





وَمِنْ اٰيٰتِهٖ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْٓا اِلَيْهَا وَ جَعَلَ
بَيْنَكُمْ مَّوَدَّةً وَّ رَحْمَةً۔ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ۔

''અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જ જાતિથી પત્નીઓ બનાવી જેથી તમે તેણીઓની પાસે સુકૂન હાંસલ કરો. અને તમારા વચ્ચે મહોબ્બત તથા કૃપા પેદા કરી આપી. યક્ીનન ! એમાં ઘણી બધી નિશાનીઓ છે એ લોકોના માટે જેઓ ચિંતન મનન કરે છે.'' *(સૂ. રૂમ–૨૧)*

પુરૂષ તથા સ્ત્રી નિકાહના બંધનમાં બંધાતા પહેલાં એકબીજાના માટે અજનબી હોય છે અને જ્યારે બંનેવ દાંમ્પત્ય જીવનમાં પ્રવેશી જાય છે તો એ જ બંનેવ અજનબી એવાં મજબૂત તથા પુખ્તા સંબંધમાં બંધાઈ જાય છે જેમાં એ બંનેવની વચ્ચે........તથા રહમત, આપસમાં વિશ્વાસ તથા ભરોસો અને ઈત્મિનાન તથા સુકૂન એટલી હદે પેદા થઈ જાય છે કે પત્ની પોતાના માટે માનવો તથા સંબંધોની આ દુનિયામાં સર્વસ્વ બની જાય છે. કુર્આનના અર્થઘટનમાં આ સંબંધની સમૃદ્ધ તથા સંક્ષિપ્ત ઓળખ આ પ્રમાણે છે : هُنَّ لِبَاسٌ لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ۔ ''તેણીઓ તમારા માટે લિબાસ છે અને તમે તેણીઓ માટે લિબાસ છો.'' *(સૂ. બક્રહ)* માણસનો સંબંધ લિબાસ સાથે કેટલો નિકટનો હોય છે તે કોઈનાથી છુપુ નથી. આ જીવનના બારામાં આનાથી સારી તથા સમૃદ્ધ વ્યાખ્યા મુશ્કેલ છે.

દાંમ્પત્ય જીવનનો મક્સદ એ પણ છે કે માણસો તથા માનવતાને પૃથ્વીના પટ પર બાકી રાખવી, અને આ વંશની રક્ષા કરવી. ઈમામ અહમદ અને તિબ્રાનીની રિવાયત છે કે મોહસિને ઈન્સાનિયત ﷺએ ફર્માવ્યું : અધિકમાં અધિક બાળકો પેદા કરનારી સ્ત્રી સાથે નિકાહ કરો જેથી હું ક્યામતના દિવસે મારી

ઉમ્મતની અધિક્તા પર ગર્વ કરી શકું. હુઝૂરે અકરમ ﷺની આ હદીષમાં માનવતાના તે ક઼ાતિલોની ઉઘાડી રદ છે જેઓ બર્થ કન્ટ્રોલ તથા ફેમેલી પ્લાનિંગના ઝંડાધારી છે. હક઼ીક઼તમાં આ ઈસ્લામના દુશ્મનોની એક ચાલ છે જેઓ ચાહે છે કે કોઈ રીતે મુસલમાનોની નસલને ખત્મ કરવામાં આવે અથવા કમસે કમ સંખ્યાને ઓછી કરવામાં આવે જેથી ઈસ્લામની શાનો શૌકત તથા તેના દબદબાના કારણે તેમને જે રાત દિવસ ખૌફ છે તેનાથી છૂટકારો મળી જાય.

શાદીનો એક અધિક મહત્વનો હેતુ એ છે કે તેના થકી એક હક઼ીક઼ી મુસ્લિમ ઘરાનાનું ઘડતર થાય છે જે સમાજ તથા સોસાયટી માટે રહમતનો ઝરીયો બની શકે. એટલા માટે કે ખાનદાન જ સોસાયટીની પ્રથમ બુનિયાદ છે. ખાનદાનની સુધારણાથી સમાજ તથા સોસાયટીની સુધારણા થઈ શકે છે અને ખાનદાનની સુધારણા પતિ તથા પત્નીથી થાય છે. પતિ પત્નીની સુધારણા તથા નેક નિયતી વિના કોઈની પણ સુધારણા નથી થઈ શકતી. એ જ રીતે ખાનદાનના આ બંનેવ પાયાઓ પતિ તથા પત્નીની ઈજ્જત તથા આબરૂની રક્ષા, સમાજને ખરાબી તથા બગાડથી તથા બુરાઈઓથી મેહફૂઝ રાખવો મહત્વનો ફરીઝો છે. આ જ ખરાબી તથા બગાડ જેના પરિણામે બદ્અમલી, બદ્કિરદારી, જુર્મ તથા આતંકવાદ, વંશાવળીમાં બગાડ, સંબંધોમાં ખરાબી પેદા થઈ જાય છે.

આ જ તે સંક્ષિપ્ત દાંમ્પત્ય જીવનના હેતુઓ છે જેના પ્રતિ ઈસ્લામ ન કેવળ રહનુમાઈ કરે છે બલ્કે તેના ઉપરોક્ત હેતુઓના સબબે બે અજનબી શરીર તથા દિલ એવી રીતે જોડાઈ જાય છે કે તેમનામાં જુદાઈ પેદા થવી તદ્દન અશક્ય થઈ જાય છે. એક છતના સાયામાં આપસની જિમ્મેદારીઓને આપસમાં વહેંચણી કરીને જે પ્રકારની પુરસુકૂન જિંદગી નસીબ થઈ જાય છે એનું દષ્ટાંત દુનિયાના અન્ય ધર્મો તથા માન્યતાઓ તથા ખયાલોમાં મળવી શક્ય નથી જણાતી.





દાંમ્પત્ય જીવનમાં પતિ તથા પત્નીના વચ્ચે વિચારો તથા મંતવ્યો, સ્વભાવ તથા પ્રકૃતિ, દર્દ તથા પીડાઓ તથા તેમની ભાવનાઓ તથા ધારણાઓમાં મતભેદનું હોવું સ્વભાવિક છે જેના કારણે બંનેની વચ્ચે મંતવ્યનો મતભેદ તથા અમુક ઉલઝનોને પેદા થવાનો અંદેશો જરૂર છે, પણ ઈસ્લામના દર્શાવેલા જીવનના નિયમો અને અખ્લાકના પયકર ﷺના જીવન બંધારણથી તેને સંતુલ ચોક્કસ મળી જાય છે જેના કારણે ખુશનસીબીવાળી જિંદગીની ઈમારત પડવાથી બચી જાય છે. ઈસ્લામી શરીઅતે પતિ તથા પત્ની વચ્ચે હક્ક઼ો તથા જિમ્મેદારીઓ પણ લાગુ પાડી છે અને એકબીજાને પોતાના કાર્યક્ષેત્રને સંભાળવાનો પણ હુકમ આપ્યો છે. આ રીતે તેણે ખાનદાનના બે પાયાના સ્તંભો પર વ્યક્તિગત રીતે અમુક ફરજો લાગુ કરીને તેમને પાબંદ પણ કરેલ છે. જો દુલ્હા અને દુલ્હન પોતાના દાંમ્પત્ય જીવનની ચડતી પડતીને પ્રારંભથી જ સારી રીતે સમજી લે અને સંપૂર્ણપણે શરીઅત તથા ઈસ્લામના ફર્માનને પોતાનું ઘરેણુ બનાવી લે તો તેમની આ નવી જિંદગી કામયાબ તથા સફળ થઈ જશે.

## ★ પતિની જિમ્મેદારીઓ ★

અલ્લાહ પાક તરફથી એ ફર્ઝ છે કે પુરૂષ જો નિકાહ કરવા ઈચ્છે તો પત્નીને મહેર અદા કરે, અને આ કેવળ પત્નીનો હક્ક઼ છે. જો પત્ની પોતાની ખુશી તથા રઝામંદીથી તેને મહેર કે મહેરનો અમુક હિસ્સો આપવા ચાહે અથવા તેના વાલી કે સાર સંભાળ કરનારને આપવા ચાહે તો તેણીને અધિકાર છે. કુર્આને હકીમ પતિ પત્નીને સંબોધન કરતાં ફર્માવે છે :–

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ۔ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓـًٔا مَّرِیْٓـًٔا

"અને સ્ત્રીઓની મહેર ખુશદિલી સાથે (ફર્ઝ જાણીને) અદા કરો, અલબત્ત જો ખૂદ તેણી પોતાની ખુશીથી મહેરનો કોઈ હિસ્સો તમને માફ કરી આપે તો તેને તમે મજાથી ખાય શકો છો." *(સૂ. નિસાઅ્-૪)*

મહેરને અલ્લાહ પાકે કેવળ પત્નીના માટે ફર્ઝ કરેલ છે જેથી તેણીને હમદર્દી તથા દિલદારીનો એહસાસ થાય અને તેણીની ઈજ્જત તથા મહાનતાની કદરો કિંમતનો અંદાઝો પ્રથમ દિવસથી થઈ જાય. પુરૂષે સંપૂર્ણ ઉમંગ તથા ઉત્સાહભેર તેને પ્રથમ સમયમાં અદા કરવી જોઈએ. એમાં મોડુ કરવું યોગ્ય નથી. પણ આજે આપણે જોઈએ છીએ કે આ છૂટ તથા સહૂલતનો એ ફાયદો ઉઠાવાઈ રહ્યો છે કે ન કોઈ આપવાના મહત્વને સમજે છે અને ન કોઈ લેવાની ! અમલી રીતે તેનું શરઈ મહત્વ ખત્મ થતું જઈ રહ્યું છે એટલા માટે જરૂરી છે કે પ્રથમ દિવસથી જ એને અદા કરવાની ચિંતા કરવામાં આવે.

### ★ દહેજ માંગવાની લઅનતથી દૂર રહો ! ★

આ એક સામાન્ય બીમારી છે કે હવે માંબાપ અથવા વાલી બેઅમલી અને નાદાનીના કારણે મહેર પર પોતાની ઈજારાદારી સમજવા લાગ્યાં છે અને મહેરને હદથી વધીને વધારવાની બુરાઈમાં સપડાય ગયા છે. તેમને મુદ્દલે એ ખબર જ નથી કે ઈસ્લામે તેમને પોતાની પુત્રી કે પુત્રના આ હક્ક઼માં કોઈ પ્રકારનો અધિકાર આપ્યો નથી ! એટલા માટે હવે છોકરીને મહેર અદા કરવાનું મહત્વ નથી રહ્યું, બલ્કે એહસાસ પણ ખત્મ થઈ ગયો છે ! બીજી લઅનત જે જન્મ લઈ ચૂકી છે તે એ છે કે છોકરીવાળાં પાસેથી જોડ કપડાંની રકમ અથવા અન્ય કોઈ રીતે ઘરેણાં તથા દહેજ માંગવામાં આવે છે, આ એક એવું કૃત્ય છે જેનો શરીઅતમાં



દુલ્હા દુલ્હન કે લિએ નસીહત કે ફૂલ

કોઈ અવકાશ નથી. આ સરાસર ગૈર ઈસ્લામી કૃત્ય છે અને તેને સુન્નતે નબવીથી મોઢું ફેરવવું ગણવામાં આવે છે. એનો એહસાસ શરૂમાં નથી થતો પણ બાદના પરિણામોથી તે પરેશાન થઈ જાય છે. અને છોકરાવાળાંની ગૈર શરઈ તથા ગૈર અખ્લાક઼ી માંગણીઓના કારણે છોકરીવાળાં પોતાની છોકરીની જિંદગીના ખાતર ગલત તરીકા વડે માલ હાંસલ કરવા માટે મજબૂર થઈ જાય છે. અને આ જ લઅ્નત અખ્લાક઼ી બગાડ, ચોરી, ડાકૂગીરી, વ્યાજ વગેરેને જન્મ આપે છે. આ સર્વ બુરાઈઓની જડ મહેરમાં અતિશયપણુ, મહેર ન અદા કરવું તથા દહેજ માટે આગ્રહ કરે છે.

હુઝૂરે અકરમ ﷺની સાહબઝાદીઓ અને પવિત્ર બીવીઓ દુનિયાની સર્વ સ્ત્રીઓથી ઉચ્ચ તથા મહાન સ્થાન ધરાવે છે. દુનિયા તથા આખેરતમાં જે બુઝુર્ગી તેમને મળી છે તે દુનિયાની કોઈ સ્ત્રીને મળી છે અને ન મળશે. જેમની જિંદગીના અનુસરણને ઈમાનનો દરજ્જો હાંસલ છે, એ પાક બીવીઓની મહેર પાંચસો દિરહમથી અધિક ન હતી જે બે હજાર પાંચસો રૂપિયા બરાબર હતી, ન છોકરીવાળાંઓ પાસેથી એનાથી વિશેષ લેવામાં આવ્યું અને ન આપવામાં આવ્યું અને ન કોઈ પ્રકારની કોઈ શરત હતી, સિવાય એ કે પુત્રીના માં બાપ અથવા વાલી ખુશદિલી સાથે પોતાની શક્તિ અનુસાર કાંઈ આપી દે.

પતિ પર હક્ક઼ છે કે તે પોતાની પત્નીના સર્વ ભરણ પોષણની જિમ્મેદારી લે. ખાવા, પાણી, લિબાસ, મકાન, ઈલાજ તથા તેની સર્વ શારીરિક તથા અંગત જરૂરતોનો જિમ્મેદાર છે તે ઉપરાંત પોતાની આવક તથા શક્તિ અનુસાર કોઈપણ જાતની કંજૂસાઈ વિના ખર્ચ કરે. પતિની શક્તિથી અધિક પત્ની તરફથી માંગણીઓ અને તેના પર આગ્રહ શરીઅતની દષ્ટિએ નાપસંદીદા અમલ છે.

મધ્યમમાર્ગી જીવન અપનાવવું એ બંને માટે અકલમંદી છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : لينفق ذوسعة من سعته "ખુશહાલ (માલદાર) માણસ પોતાની ખુશહાલીના પ્રમાણે ભરણ પોષણ આપે." *(સૂ. તલાક–૭)*

**اسكنواهن من حيث سكنتم من وجدكم** "તેણીને તે જગાએ રાખો જ્યાં તમે રહો છો જેવી પણ જગા મયસ્સર થાય." *(સૂ. તલાક–૬)*

## ★ સ્ત્રીની રજા વિના નિકાહ ન થશે ! ★

સ્ત્રીને નિકાહના મામલામાં પોતાનું મંતવ્ય રજૂ કરવા અને તેને સ્વીકારવાનો પૂરે પૂરો અધિકાર છે અને તેણીની રઝામંદી તથા રાયનો પૂરેપૂરો ખયાલ કરવો તથા માન રાખવું માં બાપના માટે જરૂરી છે. કેમ કે શાદી વિવાહનો મામલો કોઈ ટેમ્પરરી મામલો નથી, બલ્કે પૂરી જિંદગીનો મામલો છે. **સ્ત્રી પોતાની જિંદગીના વર્તમાન તથા ભવિષ્યના બારામાં વિચારવા તથા નિર્ણય લેવાના માટે સંપૂર્ણપણે અધિકાર છે.** કોઈ વાલી કે સરપરસ્ત તેણીની રઝામંદી અથવા રાયની વિરુધ્ધ કદમ નથી ઉઠાવી શકતો શરત એ કે તેણીનો નિર્ણય શરીઅત તથા ઈસ્લામી અકીદાની રૂએ ગલત ન હોય.

ઈમામ બુખારી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે હઝરત ખન્સા બિન્તે ખુદામ અન્સારીયા رضی اللہ عنہاના તેમના વાલિદે એવા યુવાન સાથે નિકાહ કરી દીધા જે તેમને પસંદ ન હતો. તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની બારગાહમાં શિકાયત કરી તો આપ صلی اللہ علیہ وسلمએ તેમના નિકાહ (ફસ્ખ) ફોગ કરી આપ્યા.

પતિની સૌથી મોટી જવાબદારી એ છે કે પોતાની પત્નીને જહન્નમની આગથી બચાવે, ગુનાહોથી દૂર રાખે, શરીઅતની





તા'લીમ આપે, તેની સારી કેળવણીની ફિકર કરે. અલ્લાહ તઆલા તરફથી જે હક્કો અને ફર્ઝો લાગુ કરવામાં આવ્યા તેમને સ્પષ્ટ રીતે બતાવે, શારીરિક તથા સંસ્કારિક પવિત્રતાનું શિક્ષણ આપે, નમાઝની પાબંદી કરાવે, સારા અખ્લાક, શિખવાડે, શિર્ક તથા બિદઅત અને ફિત્ના ફસાદના માર્ગોથી દૂર રાખે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ**

"હે ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાનાં ઘરવાળાંઓને એ આગથી બચાવો જેનું બળતણ ઈન્સાન અને પથ્થર હશે." *(અત્તહરીમ–૬)*

પતિનો હક્ક છે કે પોતાનામાં ગૈરત પૈદા કરે, પોતાની પત્નીને બદ્ નઝર, બદ્કલામી, બદ્અખ્લાકી તથા બદ્આ'માલીથી બચાવે અને ગુનાહ તરફ લઈ જતા તમામ કુમાર્ગો પર ચાલવાથી રોકે. પર્દાની પાબંદ બનાવે, બેહયાઈ તથા નગ્નતાથી દૂર રહેવાની તાકીદ કરે અને એવી સર્વ બાબતોથી દૂર રાખે જે બેહયાઈ, બિભત્સતા તથા બેપર્દગીનું કારણ બની શકે, પર પુરૂષો સાથે મેલજોલ કરવાથી, વાતો કરવાથી રોકે, કારણ કે પત્ની એક બેહતરીન ખજાનો છે, એક એવી નેઅમત છે જેને લોકોની નજરોથી સુરક્ષિત રાખવી જોઈએ.

પતિની જિમ્મેદારી એ પણ છે કે તે પત્નીના મામલામાં કોઈ પ્રકારની ખયાનત ન કરે, ન કોઈ જાતની દિલી તકલીફ પહોંચાડે, સુબૂત તથા દલીલ વગર વિના કારણે બદ્ગુમાની તથા નફરત એ ઝઘડાની જડ઼ છે. તેણી સાથે હમેશાં સદ્વર્તન અને સારા સુલૂકથી પેશ આવે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :– **وعاشروهن بالمعروف**

(ભાવાર્થ) : તેણીઓ સાથે સારી રીતે જીવન વિતાવે.'' (સૂરએ નિસાઅ્) સારા સુલૂકનો અર્થ છે ઈન્સાફ અને એહસાન કરવું, ફાયદો પહોંચાડવો, તકલીફ અને દુઃખ આપવાથી દૂર રહેવું, સામાન્ય ભૂલચૂકથી દરગુઝર કરવું, તેણીની વાતોને સંપૂર્ણ ધ્યાનથી સંભળાવી, તેના વિચારોને ધૈર્ય તથા સબ્ર સાથે સાંભળવા, તેના સારા અને ફાયદાકારક મશવરાને માન આપવું, તેના સગાં સંબંધીઓ સાથે સારી રીતે પેશ આવવું.

## ★ પત્નીની જિમ્મેદારી ★

પતિની ફર્માંબરદારી કરવી, સારી વાતો અને આદતોમાં તેનું અનુકરણ કરવું, મર્દ સશક્ત પેદા કરવામાં આવ્યો છે માટે હમેશાં તેના હાકિમપણાનો ખ્યાલ રાખવો પત્ની માટે જરૂરી છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : **الرجال قوامون على النساء**

(ભાવાર્થ) : ''મર્દ ઔરતો પર હાકિમ છે.'' *(સૂ. નિસાઅ્)* દેખરેખ રાખનાર છે, જિમ્મેદાર છે, હિફાઝત કરનાર છે. ઈમામ અહમદ અને નિસાઈ رحمۃ اللہ علیہ ની રિવાયત છે હસીન બિન હસીન બયાન કરે છે કે મારી ફોઈએ મને કહ્યું, હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થઈ, આપે મને પૂછયું, શું તમે વિવાહિત છો ? મેં જવાબ આપ્યો, હા ! યા રસૂલલ્લાહ ﷺ ! આપે પૂછયું, પતિ સાથે તમારા કેવા સંબંધ છે ? મેં જવાબમાં કહ્યું, તેમની ફર્માંબરદારી તથા ખિદમતમાં ક્યારેય કોઈ કમી નથી કરતી. આપે ફર્માવ્યું, એના પરથી તમે પોતે અનુમાન કરી શકો છો, કારણ કે તે તમારા માટે જન્નતમાં જવાનું પણ કારણ છે અને દોઝખનું પણ.

ઈબ્ને હિબ્બાનની રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો ઔરત પાંચ સમયની નમાઝ પઢે, રોઝા રાખે અને પોતાની



દુલ્હા દુલ્હન કે લિએ નસીહત કે ફૂલ

શર્મગાહની હિફાઝત કરે, પોતાના પતિની ફર્માંબરદારી કરે તો તેને કહેવામાં આવશે કે **જન્નતના જે દ્વારેથી ઈચ્છે પ્રવેશ કરે.**

હાકિમ અને તિર્મિઝીની રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **''કોઈ ઔરત એ સ્થિતિમાં મૃત્યુ પામે કે તેનો પતિ તેનાથી રાજી હોય તે જન્નતમાં જશે.''**

ફર્માંબરદારીનો મતલબ છે, નેકી અને નેકીના હુકમોનું પાલન કરવું, અર્થાત એવા આદેશો અને બાબતો જેમાં અલ્લાહ તઆલાની નાફર્માની અને નારાજગી ન હોય. કારણ કે અલ્લાહ તઆલા અને રસૂલલ્લાહ ﷺની નાફર્માની સાથે કોઈ પણ મખ્લૂકની ફર્માંબરદારી સ્ત્રી પુરૂષ બંને માટે કદાપિ જાઈઝ નથી. જો સ્ત્રીને તેનો પતિ ગુનાહ તથા ગુનાહ તરફ લઈ જતુ કામ અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના હુકમ વિરુધ્ધ કોઈ કામ કરવા મજબૂર કરે તો સ્ત્રી પર પતિની ફર્માંબરદારી હરગિઝ જાઈઝ નથી, દા.ત. પતિ ઔરતને પર્દો ન કરવા, પર પુરૂષો સાથે મળવા, ખરાબ લિટરેચરનો અભ્યાસ કરવા અથવા ફિલ્મ જોવા પર મજબૂર કરે વગેરે. ભલે પતિના આવા હુકમો ન માનવાથી બંનેના સંબંધો કેટલાયે બગડી જવાનો અંદેશો કેમ ન હોય, કારણ કે તેના આવા આદેશોનું પાલન કરવાથી અલ્લાહ તઆલાની નાફર્માની થશે, જે એક હલાકી ભર્યો જુર્મ છે.

પત્નીએ જોઈએ કે પોતાના પતિની તમામ જાઈઝ ઈચ્છાઓ અને હુકમો પર પૂરા ખુલૂસ સાથે અમલ કરે, ભલે તેમાં બીજાઓની નારાજગી કેમ ન થાય.

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે, મેં રસૂલુલ્લાહ ﷺ થી પ્રશ્ન કર્યો, ઔરતનો સૌથી વધુ હક્દાર કોણ છે ? આપે

ફર્માવ્યું, તેણીનો પતિ. ફરી મેં પૂછયું, મર્દ માટે સૌથી વધુ હક્ક઼દાર કોણ છે ? આપે ફર્માવ્યું, તેની માં. *(હાકિમ વ બઝ્ઝાઝ)*

પતિની મૌજૂદગીમાં તેની ઈજાઝત વગર પત્ની નફ્લ રોઝા ન રાખે, ન પોતાના ઘરમાં કોઈને પ્રવેશ આપે.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઔરત માટે જાઈઝ નથી કે પતિની મૌજૂદગીમાં તેની ઈજાઝત વિના (નફ્લ) રોઝા રાખે અને ન કોઈને તેની ઈજાઝત વિના ઘરમાં પ્રવેશવાની ઈજાઝત આપે.

પોતાના ઘરેથી પતિની ઈજાઝત વગર બહાર ન નીકળે ભલે કોઈ ધાર્મિક અને દીની કામ માટે જવાનું હોય અથવા પોતાના વાલિદૈન (માં બાપ)ની મુલાકાતે જવાનું હોય.

તબ્રાનીની રિવાયત છે કે એક વ્યક્તિ સફરમાં ગયો તો પોતાની પત્નીને ઘરમાંથી બહાર ન નીકળવાનો આદેશ આપ્યો. તે દરમ્યાન જ તેણીના પિતા બીમાર થઈ ગયા. હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં તેણીએ તેમની તિમારદારીની ઈજાઝત માંગી. આપે ફર્માવ્યું, અલ્લાહથી ડર ! તારા પતિના હુકમ વિરુધ્ધ ન કર. તેના પિતા મૃત્યુ પામી ગયા, તો તેમના જનાઝામાં જવા તેણીએ ફરી ઈજાઝત માંગી. આપે ફર્માવ્યું, પોતાના પતિના હુકમ વિરુધ્ધ ન કર. તેણીએ આપના હુકમ પર અમલ કર્યો તો અલ્લાહ તઆલાએ આપ ﷺ પર વહી નાઝિલ ફર્માવી કે પતિની ફર્માંબરદારીના લીધે તે સ્ત્રીની મેં મગફેરત કરી દીધી છે.

પતિની ઈતાઅત (આજ્ઞાપાલન) વાજિબ છે અને બીમારની ઈયાદત (ખબર પૂછવા જવું) મુસ્તહબ છે. મુસ્તહબ ખાતર વાજિબને છોડવામાં નહીં આવે. પરંતુ પતિ પત્નીને તેના વાલિદૈન (માં બાપ)ની મુલાક઼ાત તથા તેમના ત્યાં આવા જવાથી ન રોકે કે આમ કરવાથી તેમની સાથે સંબંધ તૂટી જશે. આ વાલિદૈનની





નાફર્માનીનું કારણ પણ છે અને ઔરતને આવો હુકમ કરવો સદ્વર્તન અને હુસ્ને સુલૂક પણ નહીં કહેવાય.

ઔરત માટે જરૂરી છે કે પતિની જાયદાદ (માલ સંપત્તિ) તથા મિલ્કતની સંપૂર્ણ રક્ષા કરે, તેની અનુમતિ વિના તેમાંથી ખર્ચ ન કરે કારણ કે પત્ની પતિના ઘરની જવાબદાર છે અને ક઼યામતમાં દરેક જવાબદારને તેની જવાબદારી વિશે પૂછવામાં આવશે અને તેનો હિસાબ આપવો પડશે, એવી સ્ત્રીની હુઝૂર ﷺએ પ્રશંસા ફર્માવી છે જે પોતાના પતિ સાથે મહોબ્બત કરે છે, નમ્રતાથી પેશ આવે છે, તેની માલ દૌલતની હિફાઝત કરે છે, થોડા પર રાજી રહી બચત કરે છે તથા સંગ્રહ કરી રાખે છે.

નિસાઈ અને બયહક઼ીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં બેહતરીન ઔરત વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, જેના પર એક નજર પડવાથી પતિને એક પ્રકારની પ્રસન્નતા પ્રાપ્ત થાય, અને જ્યારે પતિ હુકમ કરે તો તુરત જ ફર્માંબરદારી કરે. પોતાની જાત અને માલ બાબતે તેની જ પસંદ અને નાપસંદનો ખ્યાલ રાખે.

પત્ની પર જરૂરી છે કે કોઈ એવી ફર્માઈશ ન કરે જેમાં પતિને મનદુઃખ અથવા તકલીફ થાય. તેની તાક઼ાતથી વધારે માંગણી ન કરે. પતિની ઈચ્છા તથા શક્તિથી ઓછુ વધતું જે કાંઈ મળે તેને રાજી ખુશી સ્વીકારી લેવું જોઈએ, પત્નીએ પતિની આર્થિક પરિસ્થિતિનો હમેશાં ખયાલ રાખવો જોઈએ, પતિ જે કાંઈ ખવડાવે પીવડાવે, પહેરાવે તેનો શુક્ર અદા કરવો જોઈએ, ભલે તે પસંદ હોય કે પસંદ ન હોય. ઔરત પર જરૂરી છે કે ઘરેલુ બાબતોમાં સંપૂર્ણ સમજબુઝ અને બુદ્ધિમત્તાથી કામ લે, ખાણુ પકાવી પોતે ખવડાવે, સફાઈ કરે, બાકી સમયમાં ઈલ્મ પણ પ્રાપ્ત કરે અને પતિના પરિવારજનોની સેવાચાકરી પણ કરે.

ઔરતની જવાબદારી છે કે પતિના સગાસંબંધીઓને માન સન્માન આપે, તેમની સાથે પ્રેમભર્યો વર્તાવ કરે, વિશિષ્ટ રૂપે પતિનાં માતા પિતાનો ખયાલ રાખે, તેમની સાથે સદ્‌વર્તનથી પેશ આવે, અલ્લાહ તઆલાના શુક્ર અને પતિની ખુશી ખાતર તેમની ખિદમત અને એહતરામ કરે.

આજના દૌરમાં ઔરત અને તેના સાસુ સસરા તથા મર્દ અને તેના સાસુ સસરામાં જે લડાઈ ઝઘડા ઊભા થાય છે અને જેમાં કારણે પતિ પત્નીના અંગત જીવનમાં કડવાશ તથા ઉલ્ઝનો પેદા થાય છે તે એક માત્ર શૈતાનનો ધોકો છે જે હમેશાં ખાનદાનો અને પરિવારોમાં લડાઈ ઝઘડા કરાવી ખુશ થાય છે અને પતિ પત્ની તથા સાસુ સસરા તથા અન્ય પરિવારજનોમાં લડાઈ ઝઘડા કરાવવાને તે પોતાની ઘણી જ મોટી સફળતા માને છે. આવા સંજોગોમાં ઔરતે જોઈએ કે સબ્ર અને સહનશીલતાથી કામ લઈ ઝઘડા તથા કંકાસને વધારવા કરતાં ઘટાડવાની કોશિશ કરે.

પતિ સામે વારંવાર તેનાં માતાપિતા તથા સંબંધીઓની શિકાયતો કરવાથી બચે, કારણ કે તેઓ એક માત્ર એક મુસાફર જેવાં છે જે જીવનના માર્ગમાં કદી કોઈ પંથકમાં મળતાં હોય છે અને હમેશાંની જિંદગી તો પતિ પત્નીના ઈત્તેફાક઼, ઈત્તેહાદ અને પ્રેમભાવની જિંદગી છે, જો આવા સંજોગો બની પણ જાય તો પતિને વધુ પરેશાન ન કરે ન કોઈ એવો ખોટો મશ્વરો આપે જેથી તે માં અથવા પત્નીને છોડવા મજબૂર થઈ જાય. પત્નીએ એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે એને ખુશ રાખવા માટે પતિ 'બીજી માં' તો લાવી નહીં શકે પરંતુ બીજી પત્ની મળી શકે છે, માટે સંપૂર્ણ ગંભીરતાથી વિચારીને તથા સબ્ર સાથે શાંત ચિત્તે સંજોગોને સમજી સ્થિતિને સુધારવાની કોશિશ કરે. ઉશ્કેરાટમાં ન આવે, સૌથી પહેલાં અલ્લાહ પર ભરોસો રાખે ત્યાર પછી જે પણ





પરિણામ આવશે તો એના જીવન માટે બેહતર હશે અને ક઼યામતમાં તેનો બદલો જરૂર મળશે. (ઈન્શાઅલ્લાહ !)

બેહયાઈ, બદ્‌કલામી, બદ્‌અખ્લાક઼ી, બેપર્દગી અને પર પુરૂષો સાથે મેલજોલ કરવાથી સખત પરહેઝ કરે. ખાસ કરીને પતિના ભાઈ તથા બીજા સંબંધી ગૈરમેહરમ પુરૂષોથી એકાંતમાં હરગિઝ ન મળે. આ કારણે ઘણીવાર વિવાહિત જીવનમાં ધરતીકંપ આવી જાય છે જે બર્બાદીનું કારણ બને છે.

પોતાની સૂરત તથા હાલત એવી ન બનાવે જેથી લોકો તેની હંસી ઉડાવે કે તેની તરફ આંગળીઓ ઉઠે ! હમેશાં એ વાતનું ધ્યાન રાખે કે પતિ મારી કઈ વાતોથી ખુશ રહે છે અને કઈ બાબતોથી નારાજ થાય છે.

## ★ દાંમ્પત્ય જીવનમાં અન્યની દખલગીરી ★

પતિ પત્નીનો રિશ્તો એક મજબૂત રિશ્તો છે અને આ સંબંધ અલ્લાહ તઆલાની નિશાનીઓમાંથી એક મુક઼દ્દસ નિશાની છે. ભલાઈ સાથે પતિ પત્ની એકબીજાથી જેટલા નિકટ થાય છે એવી નિકટતા અન્ય સંબંધોમાં જોવા નથી મળતી.

આવા સંબંધમાં અન્યની દખલઅંદાઝીથી કદી ભલાઈની ઉમ્મીદ નથી રાખી શકાતી, અધિક્તમ જોવામાં આવે છે કે વૈવાહિક જીવનમાં જે અડચણો અને ઉલઝનો પેદા થાય છે તેના કારણોમાં સૌથી મોટુ કારણ આ ખાસ અને અંગત જીવનમાં અન્યોની દખલઅંદાઝી છે ભલે તેનો સંબંધ પતિના રિશ્તેદારોથી હોય કે પત્નીના રિશ્તેદારોથી. આવી સ્થિતિઓમાં મિયાં બીવીએ બીજાઓની દખલઅંદાઝીને ધ્યાનમાં ન લાવવી અને એવા લોકોના મશ્વરાથી દૂર જ રહેવું, બલ્કે આવા સંજોગોમાં પતિ પત્નીએ પોતાના દરમ્યાન જ મસ્અલાને હલ કરવાની કોશિશ કરવી જોઈએ

અને અલ્લાહ તઆલાથી દુઆ કરતા રહે કે આ પવિત્ર રિશ્તાને ઈર્ષાળુના હસદ અને બદ્‌નઝરોની બદ્‌નઝરીથી બચાવે.

## ★ એ બાબતો જેનાથી બંનેવે સાવચેત રહેવુ ★

જેમ કે પહેલાં વર્ણવવામાં આવ્યું કે પતિ પત્નીની તા'લીમો તર્બિયત ખાનદાનની ઈસ્લાહની પ્રથમ મંઝિલ છે. જો ખાનદાનની સુધારણા થઈ જાય છે તો પૂરી કૌમની સુધારણા થઈ જશે. એક અરબી શાઈરે કહ્યું છે, માંની ગોદ એક એવી પાઠશાળા છે કે જો તેનું બંધારણ અને ઈસ્લાહ કરી લેવામાં આવે તો સમજી લેવું જોઈએ એક ઉત્તમ, મજબૂત, અખ્લાક્ અને કિરદારવાળી પેઢી તૈયાર થઈ જશે.

માં જેની હેસિયત પતિની પત્નીની છે, પતિના સાચા માર્ગદશનથી એક સારી માં બની શકે છે, માં એ તમામ અંબિયા વ મુરસલીન, નામવાર હસ્તીઓ તથા લીડરોનું લાલન પાલન કરનાર રહી છે જેમની તા'લીમ અને શિક્ષણ સમગ્ર વિશ્વ પર છવાએલું છે. ઉમ્મતે મુસ્લિમાનું ઉજ્જવળ ભાવિ અને ઈસ્લામનું વર્ચસ્વ એ બંનેનો આધાર માંબાપના સાયામાં એક એવી નસ્લ તૈયાર થવા પર છે જે ઈમાન અને ખુદા વ રસૂલની ફર્માંબરદારીના માહોલમાં ઉછેર પામે, તક્‌વો, પરહેઝગારી અને ઉત્તમ સંસ્કારવાળી બને, પવિત્રતા અને ઈજ્જતના શણગારથી સજ્જ રહે, તાક઼ાત અને બહાદુરી તેનું બીજું નામ હોય.

પશ્ચિમી વિચારધારા અને ઈસ્લામના દુશ્મનોએ આપણા દરમ્યાન જાતજાતના ફિત્ના ઉભા કરી દીધા છે, તેમણે બેરાહ રવી અને બગાડના વધુથી વધુ માધ્યમો ફેલાવ્યાં, બદ્‌અખ્લાક઼ીને રિવાજ આપ્યો, પશ્ચિમે અધર્મી સંસ્કૃતિ દ્વારા મુસ્લિમ ઘરોને બેહયાઈ અને નગ્નતામાં ધકેલી દીધાં. સ્ત્રી પુરૂષ દરમ્યાન





આઝાદી સાથે મેલજોલ તથા હરવા ફરવાનો માહોલ બનાવ્યો, અલ્લાહ ﷻ અને રસૂલ ﷺની તા'લીમાત વિશે જાત જાતની ગલતફેહમીઓ પૈદા કરવામાં આવી, આવા સંજોગોમાં અનિવાર્ય છે કે મુસલમાન સ્ત્રી પુરૂષો પોતાની જિમ્મેદારીને સમજી સમગ્ર જગતમાં ઈસ્લામી તા'લીમાતને ફેલાવાના પ્રયાસો કરે. આ સંદર્ભમાં જેનાથી જેટલી શક્ય હોય પોતાની જિમ્મેદારી પૂરી કરે.

મનુષ્ય હોવાના નાતે દરેક ઈન્સાનથી નાની કે મોટી ભૂલ થવી સ્વભાવિક છે. માટે કોઈ ભૂલ પર જામી રહેવા કરતાં તેને સુધારવાની કોશિશ કરવી જોઈએ. કફ્ફારાના તૌર પર અધિકથી અધિક નવાફિલ પઢવા જોઈએ અને તૌબા વ ઈસ્તેગફાર પણ કરતા રહેવું જોઈએ, તિલાવતે કુર્આન તથા હદીષ અને અન્ય દીની કિતાબોનો અભ્યાસ પાબંદી સાથે કરવો જોઈએ.

ખાવા પીવા તથા રહન સહનમાં હમેશાં મધ્યમમાર્ગી બનવું એ પતિ પત્ની બંનેવ માટે ફાયદાકારક છે. આ ચીજ એકદમ મો'મિનના શાનને લાયક છે. એનાથી માલની બચત પણ થાય છે. જરૂરતના ખર્ચ બાદ નેકી અને ભલાઈનાં કામોમાં ખર્ચ કરવાનો જઝબો પેદા થાય છે અને પોતાના મજબૂર લાચાર રિશ્તેદારોની સહાય તથા હમદર્દીનો પણ જઝબો પેદા થાય છે.

નેક અને સાલેહ પત્નીની એક નિશાની એ પણ છે કે તે દુકાનો અને બજારો નથી ફરતી, નવી નવી ફેશનો અને કુટેવોને નથી અનુસરતી કારણ કે એક મો'મિના ઔરતની શાન એ છે કે તે બીજાઓની તરફ નથી ભાગતી, બીજાઓની નકલ નથી ઉતારતી, તે સારી રીતે જાણે છે કે તેની અસ્મત (ચારિત્ર્યશીલતા) અને પાકીઝગી, તેનો દીન અને ઈમાન, સારા અખ્લાક્ જ તેની સુંદરતા છે જે સોના ચાંદી, ભાત ભાતનાં કપડાં અને રંગીનીઓની મોહતાજ નથી.

## ★ સાસરે જતી પુત્રીને નસીહત ★

બેટા ! તું મારા જિગરનો ટુકડો, અલ્લાહ તને હમેશાં હર જગા ખુશ રાખે, આબાદ રાખે, તું પોતાના નવા ઘરના આંગણાની હરિયાળી બની જાય અને આવનારી જિંદગીમાં ખુશીઓની ઝમાનત બની જાય. (આમીન)

તને વિદાય કરતા પહેલાં એક મહાન પાકીઝા પ્રસ્તાવ રજૂ કરું જેમાં તારી દુનિયા અને આખેરતની ભલાઈ છે, જો તું સાચી જીવન શૈલીને અપનાવી લઈશ અને ઈસ્લામના સલામતીની ઝમાનતવાળા રસ્તાને ઈખ્તેયાર કરીશ તો ઈન્શાઅલ્લાહ ! તને અને તારા પતિને દુનિયામાં નેકબખ્તી, બરકત, રિઝ્‌કમાં વિપુલતા, રાહત તથા સુકૂન, અમ્નો અમાન, અને નેક ઔલાદ જેવી નેઅમતો મળશે અને આખેરતમાં એક કાયમી દૌલત અલ્લાહ તઆલાની રઝામંદી અને જન્નતના રૂપે મળશે, જે જન્નત દુનિયા અને આસ્માનથી મહાન છે, જેની કલ્પના આ દુનિયામાં અશક્ય છે. અંતમાં દુઆ કરું છું કે અલ્લાહ તઆલા તમને બંને જહાનની નેકબખ્તીઓથી નવાઝે, જીવનના હર મોડ પર તમને ખુશીઓ આપે, તમારી જિંદગીમાં નેકી, પરહેઝગારી, ખૌફે ખુદા અને નેક ચલનના નૂરથી ભરી દે. (આમીન)





## બાગે જન્નતમેં.....

અઝ : ઉસ્તાદે ઝમન હઝરત મૌલાના હસન રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ

બાગે જન્નતમેં નિરાલી ચમન આરાઈ હે
ક્યા મદીને પે ફ઼િદા હો કે બહાર આઈ હે
ઉનકે ગૈસૂ નહીં રહમત કી ઘટા છાઈ હે
ઉનકે અબરૂ નહીં દો કિબ્લોં કી યક જાઈ હે
સંગરેઝોંને હયાતે અબદી પાઈ હે
નાખુનોં મેં તેરે એઅ્‌જાઝે મસીહાઈ હે
સરે બાલીં ઉન્હેં રહમત કી ઘટા લાઈ હે
હાલ બિગળા હે તો બીમાર કી બન આઈ હે
જબ તેરી યાદ મેં દુન્યા સે ગયા હે કોઈ
જાન લેને કો દુલ્હન બનકે કઝ઼ા આઈ હે
દર્દે દિલ કિસ કો સુનાઉં મૈં તુમ્હારે હોતે
બેકસોં કી ઈસી સરકાર મેં સુનવાઈ હે
આપ આએ તો મુનવ્વર હૂઈ અંધી આંખેં
આપ કી ખાકે કદમ સુરમા એ બીનાઈ હે
જાન દી તૂને મસીહા ઓ મસીહાઈ કો
તૂ હી તો જાને મસીહા ઓ મસીહાઈ હે
ચશ્મે બેખ્વાબ કે સદકે મેં હૈં બેદાર નસીબ
આપ જાગે તો હમેં ચૈન કી નીંદ આઈ હે
હાથ ફૈલાએ હુએ દોળ પળે હૈં મંગતા
મેરે દાતા કી સવારી સરે હશ્ર આઈ હે
ના ઉમ્મીદો તુમ્હેં મુઝ઼્દા કે ખુદા કી રહમત
ઉન્હેં મહશર મેં તુમ્હારે હી લિએ લાઈ હે
અય ! **'હસન'** હુસ્ને જહાં તાબ કે સદકે જાઉં
ઝર્રે ઝર્રે સે અયાં જલ્વ–એ–ઝૈબાઈ હે